(A-32) Seat NO: ______ No of Printed Pages 2

# SARDAR PATEL UNIVERSITY

SY BA (External) Examination

Wednesday, 4th May 2016

02:30 pm to 05:30 pm

GUJN-200 : Gujarati Compulsory (Non-English Stream)

'સુંદરમ્‌ની શ્રેષ્ઠ વાર્તાઓ' અને 'કાવ્ય વિશેષ' Total Marks : 100

નોંધ : દરેક પ્રશ્નના ગુણ સરખા (૨૦) છે.

**અહેવાલ–અરજી લેખનના પ્રશ્નના જવાબમાં નામ–સરનામુ કલ્પિત લખવું.**

પ્ર. ૧ (અ) તમારા વિસ્તારમાં ઉજવાયેલ હોળી–ધુળેટીના તહેવારનો આંખે દેખ્યો અહેવાલ તૈયાર કરી વિદેશમાં વસતા તમારા મિત્રને લખી મોકલો.

અથવા

(અ) તમારા શહેરમાં વાંચે ગુજરાત અંતર્ગત યોજાયેલા કાર્યક્રમનો અહેવાલ તૈયાર કરી સ્થાનિક સમાચાર પત્રમાં પ્રસિદ્ધિ અર્થે મોકલી આપો.

(બ) સરકારી વિનયન કૉલેજ, લક્ષ્મીપુરામાં ગુજરાતીના અધ્યાપકની ખાલી પડેલી જગ્યા માટે સંપૂર્ણ માહિતી દર્શાવતી અરજી કૉલેજના આચાર્યશ્રીને મોકલી આપો.

અથવા

(બ) તમારા શહેરના જાહેર બગીચામાં અસામાજિક તત્વોનો ત્રાસ વધી ગયો છે, તો આ અંગે સંબંધિત અધિકારીશ્રીને ઘટતું કરવા અરજી કરો.

પ્ર. ૨ 'સુન્દરમની શ્રેષ્ઠ વાર્તાઓ'ની અભ્યાસનિયત વાર્તાઓને આધારે સુન્દરમની વાર્તાકાર તરીકેની વિશેષતાઓ અને મર્યાદાઓ ઉદાહરણસહિત જણાવો.

અથવા

પ્ર. ૨ 'ગોપી' વાર્તાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો.

પ્ર. ૩ 'કાવ્ય વિશેષ'નાં અભ્યાસનિયત કાવ્યોને આધારે મનસુખલાલ ઝવેરીની કાવ્યકલાનો સદૃષ્ટાન્ત પરિચય આપો.

અથવા

પ્ર. ૩ 'કાવ્ય વિશેષ'નાં અભ્યાસનિયત પ્રણયકાવ્યોની વિગતે સમીક્ષા કરો.

(P.T.O.)

પ્ર. ૪ 'અ' માંથી એક અને 'બ'માંથી એક ટૂંકનોંધ લખો.

(અ) માજાવેલાનું ચરિત્રચિત્રણ

અથવા

(અ) 'માને ખોળે' વાર્તામાં શબુના જીવનની કરુણતા

(બ) 'કાવ્ય વિશેષ'નાં અભ્યાસનિયત પ્રકૃતિકાવ્યો

અથવા

(બ) 'કાવ્ય વિશેષ'નાં અભ્યાસનિયત દીર્ઘકાવ્યો

પ્ર. ૫ કોઈપણ ચાર પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.

(૧) 'પની' વાર્તામાં નાયિકા પની અંતે આત્મહત્યા શા માટે કરે છે?

(૨) નાગરિકા કેવા પતિની ઝંખના કરતી હતી? શા માટે?

(૩) 'ખોલકી' વાર્તાની નાયિકા ચંદન કેવા મનોભાવો અનુભવે છે?

(૪) 'મીન પિયાસી' વાર્તાને અંતે ડોસાના દીકરાનું હૃદય પરિવર્તન કેમ થયું?

(૫) 'લહેરખી' કાવ્યનો ભાવાર્થ જણાવો.

(૬) 'તો' કાવ્યમાં વ્યકત થતી નાયકની વ્યથા.

(૭) 'નયનાં' કાવ્યમાં કવિની આંખો શાની પ્યાસી છે?

(૮) 'પૂછું તને' માં કવિ કોને પ્રશ્ન કરે છે? શું પ્રશ્ન કરે છે?

— X —